www.kamalamgujarat.com
Monday
02.08.2021
*Volume :5 * Issue No. 352
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)






ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
# કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451
* Managing Editor: Arjun Sondarva * Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06* Rs. 00.25/- *Annual Rs. 90/-

# સ્વામીજીએ પરમધામગમન કર્યું પરંતુ એમના આશીર્વાદ સદાય દેશ ગુજરાત અને સહુ પર વરસતા રહેશે : મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

### હરિધામ સોખડા ખાતે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીજીના પાર્થિવ દેહના દર્શન કરી પુષ્પાંજલી અર્પી











કમલમ દૈનિક, ભુજ,

મુખ્યમંત્રી શ્રી રૂપાણી, નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે હરિધામ સોખડા ખાતે યોગી ડીવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ અને આત્મીય સમાજ આત્મીય યુનિવર્સિટીના પ્રણેતા બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીજીના પાર્થિવ દેહના દર્શન કરી તેમના ચરણોમાં પુષ્પમાળા અર્પણ કરી હતી.મુખ્ય મંત્રીશ્રી સ્વામીજીના અંતિમ સંસ્કાર વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતની સાડા છ કરોડ જનતા વતી ગુરુવર્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીને શ્રધાંજલિ પાઠવતા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે સ્વામીશ્રી સદેહે આપણી વચ્ચે નથી,પરંતુ તેઓ સદાય આપણી વચ્ચે જ છે.સ્વામીજીના આશીર્વાદ કાયમ માટે દેશ પર, ગુજરાત પર અને સહુ પર વરસતા રહેશે એવી શ્રધ્ધા તેમણે વ્યકત કરી હતી. સામાજિક સમરસતા જાળવવામાં પણ સ્વામીજી બહુ મોટું યોગદાન હતું તેમ જણાવતા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સ્વામીજી હંમેશા કહેતા કે આત્મીય બનો.આત્મીય ભાવથી તેમણે અનેક પરિવારો અને વ્યક્તિઓના સંબધોમાં મધુરતા અને સુમેળ સાધી પરિવારો તૂટતાં બચાવ્યા છે.આત્માથી આત્માનો ભાવ અનુભવે તો જ પરમાત્મા પ્રાપ્ત થાય છે એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રી એ ઉમેર્યું કે ગુજરાતનું ભલું થાય,ગુજરાત સુખી સંપન્ન બને તેની હંમેશા સ્વામીજી ચિંતા કરતા હતા.ગુજરાતને આજે તેમની મોટી ખોટ પડી છે.ગુજરાતે બહુ મોટા સંતપુરુષ ગુમાવ્યા છે. સ્વામીજીના ચરણોમાં વંદન કરી ગુજરાત તેમને કાયમ યાદ કરી તેમણે ચીંધેલા માર્ગે ચાલશે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યંત્રીશ્રીએ જણાવ્યું કે તેઓ હંમેશા કહેતા કે દાસ નો દાસ બનીને રહેવું.યુવાનો માટે તેઓ પ્રેરણામૂર્તિ સમાન હતા.સ્વામીજી આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના વિચારો, સમાજ સેવાના કાર્યો આપણી વચ્ચે છે.તેમણે ચીંધેલા માર્ગે આપણે ચાલીશું તો તેમને સેવેલા સ્વપ્નો, આકાંક્ષાઓ ચોક્કસ પુરી કરીશું એ જ એમને સાચી શ્રધાંજલિ છે. મુખ્ય મંત્રીશ્રી એ જણાવ્યું કે ગુજરાત પર જ્યારે જ્યારે આફત આવી ત્યારે તેઓએ હંમેશા નાગરિકોની મદદ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે યુવાઓમાં વ્યસન મુક્તિ ,શિક્ષા પ્રણાલીના પ્રચાર પ્રસાર સાથે આધ્યાત્મિકતા અને સમાજ માટે સમર્પિત થવાનો સેવા ભાવ ઉજાગર કરવામાં પૂજ્ય હરિપ્રસાદ સ્વામીએ આજીવન સેવારત રહી આપેલું અમૂલ્ય યોગદાન સદાય અવિસ્મરણીય રહેશે. સ્વામીજીના દેહ વિલય અને પરમધામ ગમનથી લાખો શોકમગ્ન અનુયાયીઓના દુ:ખમાં સહભાગી થતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વામીશ્રીના આત્માની પરમ શાંતિની પ્રાર્થના પણ કરી હતી. આ પ્રસંગે હરિધામ સોખડાના સંતો,અનુપમ મિશન મોગરીના પુ.જશભાઈ સાહેબ, દેશ વિદેશના હરિભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરૂ હરિ હરિપ્રસાદ સ્વામીજીના અંતિમ દર્શન કરી ભાવાંજલિ આપી હતી.

# સૌના સાથના સૌના વિકાસના પાંચ વર્ષ સુશાસનના પરંપરાગત ઓળખ સાથે કચ્છે વિકાસની નવી ઓળખ ઉભી કરી છે – ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

### વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને સુવિધાઓ આપી સરકારે વિદ્યાર્થીઓના હિતની ચિંતા કરી છે - સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા







કમલમ દૈનિક, ભુજ,

પાંચવર્ષ આપણી સરકારના સૌના સાથના સૌના વિકાસના સૌના વિશ્વાસના નિર્ધાર સાથે રાજય સરકાર સુશાસનમાં પાંચ વર્ષ નિમિતે જનહિતના વિવિધ કાર્યક્રમો યોજી રહી છે. જેપૈકી જ્ઞાનશકિત દિન નિમિતે આજે રાજયકક્ષાએથી અંદાજે રૂ.૩૫૯ કરોડના જુદા જુદા ૧૫૧ મુખ્ય કાર્યક્રમો સહિત વિકાસના લોકાર્પણ ખાતમુહુર્ત તેમજ કોમ્પ્યુટર લેબ અને જ્ઞાનકુંજ પ્રોજેકટ, શોધ, સ્રૂજી રૂ અને નમો ઈ-ટેબલેટ વિતરણ કાર્યક્રમો યોજાઈ રહયા છે જે પૈકી આજે કચ્છમાં જિલ્લામાં રૂ. ૧૬ કરોડ ૨૬ લાખના ૨૧૦ જેટલા વિવિધ વિકાસના લોકાર્પણ, ખાતમુહુર્ત અને સ્કોલરશીપ, નમો ઈ ટેબલેટ વિતરણ કાર્યક્રમ થઈ રહયા છે એમ ગૃહરાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. મહિલા કોલેજ ભુજ ખાતે યોજાયેલા જ્ઞાનશકિત કાર્યક્રમમાં ગૃહરાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારતને ગૌરવ અપાવનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વૈશ્વિકસતરે વિધાર્થીઓ શિક્ષણમાં અગ્રહરોળમાં આવે તેમજ ગુજરાત શૈક્ષણિક હબ બને તે મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોને વધુ સબળ કરવા આજે જ્ઞાનકુંજ પ્રોજેકટ અને ડિઝીટાઇઝેશન શિક્ષણ હેઠળ રાજયના વિધાર્થી તૈયાર થઈ રહયા છે. પરંપરાગત ઓળખ સાથે કચ્છે ઔધોગિક અને પ્રવાસન તેમજ વિકાસમાં આગવી ઓળખ ઉભી કરી છે તેમ ગૃહરાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળતા કચ્છ ગૌરવવંત બન્યું છે. સફેદરણ, ધોળાવીરા, શ્યામજી કૃષ્ણવર્મા તીર્થ, રીન્યુએબલ એનર્જી પાર્ક, ઈઈ પાર્ક અને વિવિધ પ્રવાસન સ્થળોના પગલે કચ્છ રાજયનું શ્રેષ્ઠ રોકાણ સ્થાન તરીકે પણ ઉભરી રહયું છે. ગુજરાતની શાંતિ સલામતી અને સુરક્ષા માત્ર શબ્દોમાં જ નહીં પણ વાસ્તવિકતામાં સાકાર કરવા કાયદો અને વ્યવસ્થા માટે રાજય સરકારે વિવિધ કાયદાઓ અમલી કર્યા છે જે પૈકી ગૌવંશ બચાવવા, ગૌહત્યા અટકાવવાના કાયદા, લવજેહાદ સામે કાયદો, ગુંડા નાબુદી ધારા, પાસા અને પોસ્કો, સાઈબર ક્રાઈમ એકટ, લેન્ડ ગ્રેબિંગ એકટ, દ્રહૂંજી એકટ વગેરે બનાવ્યા છે. સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ આ તકે જણાવ્યું હતું કે, ન ભૂતો ન ભવિષ્યતિ એવો વૈશ્વિકસતરનો વિકાસ રાજયમાં થઈ રહયો છે. રાજયના વિધાર્થીઓ વિશ્વમાં અગ્રિમ હરોળમાં રહે એટલું જ નહીં પણ પ્રાથમિક સ્તરે પણ પાયાની તમામ સુવિધા સાથે બાળકોને ડિઝીટાઈઝેશન સાથે સાંકળ્યા છે. વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને સુવિધાઓ આપી સરકારે વિધાર્થીના હિતની ચિંતા કરી છે. સ્વાગત પ્રવચનમાં કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડો.જયરાજસિંહ જાડેજાએ આ તકે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગની સ્રૂજી રૂ ના શોધ યોજનાના ૨૦ લાભાર્થી તેમજ ગત વર્ષના નમો ઈ-ટેબલેટ લાભાર્થીને વિતરણ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના રાજયસ્તરના જ્ઞાનશકિત વચ્યુઅલ કાર્યક્રમ ગાંધીનગર ખાતે સૌ જોડાયા હતા તેમજ જિલ્લાના વિવિધ મુખ્ય વિકાસ કામોનું પણ ઈ-લોકાર્પણ આજના દિને કરાયું હતું.કાર્યક્રમમાં ભુજ ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્ય, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટી કચ્છ જિલ્લા સંગઠન સહપ્રભારીશ્રી હિતેશભાઈ ચૌધરી, જિલ્લા કલેકટરશ્રી પ્રવિણા ડી.કે., બોર્ડર રેંજ આઈ.જી. શ્રી જે.આર. મોથલીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્મા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ, ભુજ નગરપાલિકા પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ ઠકકર, ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, કચ્છ યુનિવર્સિટીના કુલસચિવશ્રી જી.એમ.બુટાણી,આચાર્યશ્રી પ્રો.બી.એન.સુથાર, પ્રોફેસર ડો.વિજય વ્યાસ, ડીનશ્રી ડો.કાશ્મીરા મહેતા, ડીનશ્રી પ્રો.(ડો.) પી.એસ.હિરાણી,આચાર્યશ્રી ડો.સી.એસ.ઝાલા, ડીનશ્રી ડો.ગિરીન બક્ષી, પ્રોફસર ગર્વમેન્ટ એન્જીનીરીગ કોલેજ-ભુજના ડો.એમ.બી.ઝાલા, કચ્છ યુનિવર્સિટીઈ.સી.મેમ્બરશ્રી ડો.આર.વી.બસિયા, ટ્રસ્ટીશ્રી કિર્તીભાઈ વરસાણી તેમજ સબંધિત લાભાર્થીઓ કોવીડ-૧૯ હેઠળ ઉપસ્થિત રહયા હતા.

